# પાલનપુર સિવિલમાં પ્રસુતાના મોતથી હોબાળો

પાલનપુર, તા.૨૭

પાલનપુર સિવિલ હોસ્પિટલના કથળેલા વહીવટને પગલે આયેદીન પાલનપુર સિવિલ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અખબારોની સુરખીઓમાં છવાયેલી રહે છે. ત્યારે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડીની વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં એક પ્રસુતા મહીલાનું મોત નીપજયું હતું. જોકે, સિવિલના તબીબ અને સ્ટાફની કથિત બેદરકારીના પાપે પ્રસુતાનું મોત નીપજયું હોવાના આ૧ોપો સાથે તેણીના સ્વજનોએ હોબાળો મચાવ્યો હતો. બાદમાં પોલીસે આવી માંડ મામલો થાળે પાડયો હતો.

પાલનપુર શહેરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં રહેતી લીલાબેન રૂપાભાઈ માજીરાણા નામની પ્રસુતાને ડીલેવરી માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જેને નોર્મલ ડીલેવરી થઈ હતી. જેમાં બાળકને જન્મ આપ્યા બાદ તેની તબિયત લથડી હતી. ત્યારે ફરજ પરના તબીબ કે સ્ટાફ ન ફરકતા તેણીનું

### ગાયનેક તબીબ અને સ્ટાફે બેદરકારી દાખવી હોવાની રાવ

મોત નીપજયું હોવાના આ૧ોપો તેના સ્વજનોએ કર્યા હતા. ફરજ પરના સ્ટાફને સાચવવા છતાં તેઓએ ઉધ્ધતાઈભર્યુ વર્તન કર્યુ હોવાના આ૧ોપો સાથે સ્વજનોએ હોબાળો મચાવ્યો હતો. જોકે, ઘટનાને પગલે દોડી આવેલા ડાયમંડ એશોસીએશનના પ્રમુખ જંયતિભાઈ પઢીયારે પણ સિવિલની લાલીયાવાડી સામે ભારે રોષ ઠાલવી કસુરવારો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

# અરવલ્લીમાં શ્રીકાર વર્ષા

## મોડાસાના માળીવાડામાં રવિવાર રાત્રે ગાજવીજ સાથે વરસાદથી બે માળની મંઝીલ ધરાશાયી : પરિવારનો આબાત બચાવ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. કાળા ડિબાંગ વાદળો છવાતા આજે દિવસભર ધોળા દિવસે અંધારું છવાઈ ગયું હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. જીલ્લાના

### ભૂમીપુત્રો આનંદીત

અમુક વિસ્તારોમાં ગઈકાલે રાત્રે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જયારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં મેઘરાજાએ રીસામણા કર્યા હોય તેવી રીતે આકાશ ભલે ગોરંભાયુ હોય પરંતુ સવારથી ઝરમર વરસાદ વરસ્યો હતો. લોપ્રેસર સાયકલોનીક સરક્યુલેશનમાં પરીવર્તીત થઈ જતાં અરવલ્લી જીલ્લામાં મેઘે મહેર વરસાવશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. હજુપણ અરવલ્લી જીલ્લામાં લોપ્રેસર સરક્યુલેશન દબાણ રહેતાં ૨૪ કલાકની અંદર ૫ ઈંચથી વધારે વરસાદ વરસવાની શક્યતા જોવાઈ રહ છે. અરવલ્લી જીલ્લામાં છેલ્લા ૩ દિવસથી ચોમાસાનો વિધિવત આરંભ થયો હોય તેમ સતત ૪૮ કલાકથી વધારે સમય સુધી જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં અવિરતપણે સતત ઝરમર વરસાદ ચાલુ રહેતાં જીલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો છે.

મોડાસા શહેરમાં રવિવારે રાત્રીના સમયે મેઘગર્જના સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ગાજવીજ સાથે વરસતા વરસાદથી મોડાસા શહેરના માળીવાડાના રહીશ શૈલેષભાઈ ગોવિંદભાઈ શાહનું બે મંઝીલા ઈમારત ધરાશાયી થતાં શાહ પરિવારની હાલત કફોડી બની ગઈ હતી. સદનસીબે પરિવારજનોનો આબાદ બચાવ થયો હતો. શૈલેષભાઈનું બે મંઝીલા ઈમારત ધરાશાયી થતાં ૩ લાખ રૂપિયાથી વધારે નુકશાન કુદરતી આફતને લીધે થયુંહતુ. ઘરમાં રહેલો માલસામાન અને ઈલેકટ્રીક વિજઉપકરણો અને ૨ાચરચીલુ કાટમાળ નીચે દબાઈ જતાં પરિવારની હાલત કફોડી બની ગઈ હતી. મોડાસા શહેરના અનેક વિસ્તારોના વરસાદી



(તસવીર : જય અમીન, મોડાસા)

પાણીથી ખાબોચીયા ભરાયા હતા.

# મોટી ઈસરોલથી રાજલી રોડની ડીપ ડુબતાં ત્રણ ગામો સંપર્ક વિહોણા

મોડાસા, તા.૨૭

સમગ્ર જિલ્લામાં બે દિવસથી



(તસવીર : જય અમીન, મોડાસા)

મેઘરાજાએ મહેરબાની કરી છે ત્યારે મોટી ઈસરોલ નજીક આવેલ રાજલી, માધુપુરા, રાજલી કંપા જેવા ગામો વર્ષોથી ચોમાસામાં સંપર્ક વિહોણા બની જાય છે આ ત્રણેય ગામોના અવરજવર માટે માત્ર એક જ માર્ગ છે જે વર્ષોથી ચોમાસામાં ડીપ પર પાણી આવી જતા સંપર્ક વિહોણા બની જાય છે. આ ડીપ પર પુલ બનાવવા અંગે ગ્રામજનોએ વારંવાર તાલુકાથી માંડી છેક રાજય સુધી રજુઆત કરી છે છતાં પણ આજ દિન સુધી તંત્રએ તસ્દી લીધી નથી. ભુતકાળમાં આ ડીપમાં રાજલી ગામના એક યુવાનનું તણાઈ જતાં મોતને ભેટયો હતો છતાં પણ તંત્રએ આ ડીપ પર પુલ બનાવવા માટે હાથ અધ્ધર કરી દેતા આ વિસ્તારના લોકોમાં રોષ જોવા મળ્યો છે. હાલ વરસી રહેલા વરસાદ બાદ ડીપ પરથી પાણી ઓશરે નહી ત્યાં સુધી લોકોએ જીવના જોખમે કિનારે બેસી રહેવું પડે છે અને આ ગામોના બાળકો ચોમાસામાં અભ્યાસ અર્થે બહાર પણ જઈ શકતા નથી જેના લીધે તેમના ભણતર પર પણ અસર પડે છે.

# પ્રાંતિજ પંથકમાં શ્રીકાર વર્ષા થતા ખેડૂતો ખુશખુશાલ

## ખેડ-વાવેતર શરૂ, ધરૂવાડિયો લીલાછમ

પ્રાંતિજ, તા. ૨૭

લાંબા સમયના વિરામ બાદ છેલ્લા બે દિવસથી વરસાદ ખાબકતાં મેઘરાજાએ સાબરકાંઠા અને પ્રાંતિજના કિસાનો માટે ખરા સમયે જ આશીર્વાદ રૂપ નિવડ્યો છે.

બે દિવસથી સતત ખાબકતા વરસાદી પાણી કિસાનો માટે કાચુ સોનુ સાબિત થયું છે. મુરઝાતા પાકોને પુનઃ જીવનદાન મળ્યું છે. ત્યાં સુધી સતત વરસાદી માહોલમાં કાળાડીબાંગ વાદળો વચ્ચે મેઘમહેર થઈ રહી છે.

કિસાનો ગવાર, એરંડા, ડાંગર સહિતના પાકો માટે ખેડ તથા વાણીની પણ શરૂઆત કરી દીધી છે. તો કઠોર જેવા પાકોના વાવેતર માટે કિસાનો સજ્જ થઈ ગયા છે. વિવિધ પાકોના ધરૂવાડિયા પણ વરસાદના કારણે લીલાછમ લાગી રહ્યા છે અને પુનઃ સારા ચોમાસાના એંધાણના વરતારા કિસાનો કરી રહ્યા છે.

સતત વરસાદના લીધે પ્રાંતિજના બજારો, લત્તાઓમાં ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે. તો વરસાદ અને ભેજવાળા વાતાવરણના લીધે રોગચાળા સામે આરોગ્ય વિભાગે જડબેસલાક અને ચૂસ્તપણે વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# મહેસાણામાં મેઘરાજા મહેરબાન

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા મહેરબાન થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં ચાર થી સાત ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ વિજાપુર તાલુકામાં સાત ઈંચ જેટલો નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વડનગર અને ખેરાલુ તાલુકામાં નોંધાયેલ છે. જિલ્લાના મહેસાણા, જોટાણા, ઊંઝા, વિજાપુર તાલુકાઓમાં એકંદરે ભારે વરસાદ પડ્યો છે. જેથી ખેતરોમાં તેમજ નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે. વરસાદને કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પ્રિ-મોન્સુન પ્લાનની પોલ ખુલી જવા પામી છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના ધાંધિયા શરૂ થયા છે. સર્વત્ર સારો વરસાદ થવાથી ખેડૂતવર્ગ સહિત આમ જનતામાં હર્ષની લાગણી ફેલાઈ છે. સતત વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. વધુમાં વરસાદથી જનજીવન પર ઘેરી અસર પડી છે. હાઈવે તેમજ અન્ય માર્ગો પર વાહનોની અવર જવર ઓછી થઈ છે. તથા એસ.ટી. બસોમાં પણ મુસાફરોની સંખ્યા ઘટી ગઈ છે. વરસાદ થંભી જશે એટલે ખેડૂતો ખરીફ પાકોની વાવણીના કામે લાગી જશે. જિલ્લામાં ચોમાસાના પ્રારંભે કપાસનું વાવેતર થયું હતું. જેને વરસાદથી ફાયદો થયો છે. હવે ખેડૂતો અનાજ, કઠોળ અને તેલીબિયામાં તલ, એરંડા જેવા પાકોનું વાવેતર કરશે તેમ જણાય છે. સારા વરસાદ પાછળ કૃષિચીજોના ભાવોમાં ઘટાડો થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.









**અરવલ્લીમાં તળાવો છલકાયા -** અરવલ્લી જીલ્લા માં છેલ્લા ૨ દિવસ થી થઈ રહેલા સાર્વત્રિક વરસાદ થી જીલ્લા ના તમામ જળાશય માં પાણી ની આવક સારા એવા પ્રમાણ માં થઈ રહી છે જેમાં મોડાસા નગર ના માઝૂમ જળાશય માં ૫૪૦૦ ક્યુષેક વાત્રક જળાશય માં ૨૬૦૦ ક્યુષેક વૈડી ૩૦૦ ક્યુષેક અને મેશ્વો જળાશય ૧૦૦૦ ક્યુષેક પાણી ની આવક નોધાઈ છે માઝૂમ ડેમ ની ૧૫૭.૧૦ કેપેસીટી છે ત્યારે હાલમાં માઝૂમ ડેમ ૧૫૫ મીટર ની સપાટી એ પહોચતા ડેમ નું રુલ લેવલ જાળવવા તંત્ર એ ૧૦૦૦ ક્યુષેક પાણી છોડ્યા નો નિર્ણય લઈ ડેમ ના ૨ દરવાજા ખોલ્યા હતા ઉપરવાસ માં પાણી વરસાદ ચાલુ હોવાથી પાણી ની આવક વધવાથી સંભાવના પાણી વહીવટી તંત્ર ધ્વારા વ્યકત કરાઈ છે. **તસવીર : સમીર બલોચ, મોડાસા**

# હિંમતનગરના હાજીપુરામાં મહિલાને માર મરાતા ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના હુસેનીચોક નજીકના બજારમાં ગત શુક્રવારે ખરીદી કરવા ગયેલી મહિલાને હોટલ વિરૂધ્ધની અરજી કરવા બાબતમાં બેનબનેવી સહિતના પરિવારજનોએ ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકીઓ આપતા ચાર જણા વિરૂધ્ધ હિંમતનગરના બીડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે હિંમતનગર અને નજીકના માળીના છાપરીયા ખાતે રહેતી બે મહિલા સહિત ચાર જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં બનેલી મારામારીની ઘટના અંગે બીડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર નવી આર.ટી.ઓ. પાછળ કીફાયતનગરમાં રહેતા યાસ્મીનાબાનુ રમજાનભાઈ ફકીર શુક્રવારે સાંજના સુમારે હુસેની ચોક નજીકના બજારમાં ખરીદી કરવા ગયા હતા. તે દરમિયાન બનેવી હુસેનશા નાથુશા દિવાન, તેમના પત્નિ રૂકશાનાબાનુ, શહીદાબાનુ અબ્દુલશા દિવાન તેમજ ઈકબાલ ઈબ્રાહીમભાઈ ભટીયારે યાસ્મીનાબાનુ પાસે આવી તું અમારી હોટલ બાબતે કેમ ખોટી અરજીઓ કરે છે તેમ કહી ધક્કો મારી નીચે પાડી દીધી હતી. ઉપરાંત ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

મહિલાએ માર મારવાની ઘટના સંદર્ભે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં બેનબનેવી સહિતના ચારેય જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રની મુદત બાબતે ઉહાપોહ

## પ્રમાણપત્રની મુદત સરકારે ૩ વર્ષની કરી હોવા છતાં ૧ વરસની મુદત છપાઈને આવે છે

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત યુવક-યુવતીઓ માટે અપાતા ક્રિમીલેયર પ્રમાણપત્રો આવકના દાખલાની મદત સરકારે ત્રણ વરસની કરવા છતાંય તંત્ર દ્વારા અપાતાં આવક સહિતના દાખલા કે પ્રમાણપત્રોમાં ૧ વર્ષ છપાતા ઉમેદવારો અચંબામાં પડી ગયા છે અને ઓફિસોમાં આ બાબતે ચકમક ઝરવા લાગી છે.

સરકારની વિવિધ જગ્યાઓમાં ભરતી કે યોજનાઓમાં આવક પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર હોય તો ઓબીસી સહિતના લાભો મળે છે અને આ પ્રમાણપત્રો મેળવવા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ કે લાભાન્વીત લોકો લાંબી અને ખર્ચાળ પ્રક્રિયામાંથી પસાર થઈ મહામહેનતે દાખલા મેળવે છે જે એક વર્ષની મુદતના હોય છે.

ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સદર દાખલાની મુદત ૩ વરસની કરી હોવા છતાંય આવા દાખલાઓમાં હજુ એક જ વરસની મુદત લખાવાની ફરીયાદો ઉઠવા પામી છે ત્યારે સરકારની આ જાહેરાતો જિલ્લામાં પોકળ અને બકવાસ સાબિત થવા પામી છે ત્યારે યોગ્ય થાય અને ગરીબોનો ખર્ચ, સમય બગડે નહી અને મુદત ૩ વરસની નાખવામાં આવે એવી ઉમેદવારોની માંગ ઉઠવા પામી છે.

# બાયડ નગરપાલિકાની પ્રી-મોન્સુન પ્લાનની પોલ ખોલી

મોડાસા તા.૨૭

સમગ્ર અરવલ્લી જીલ્લામાં છેલ્લા બે દિવસ થી મેઘરાજાએ નગર પાલિકાના પ્રી મોન્સુન પ્લાનની પોલ ખોલી નાખી છે. અને વરસાદ પડવાના કારણે ઠેર - ઠેર ભુવઓ પડી પહેલા તંત્ર ધ્વારા કરોડો રુપીયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામાં આવી હતી. કરવામાં આવ્યું હતુ.

જયારે બાયડ નગરમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ પધરામણી






(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### બાયડ નગરમાં ઠેર - ઠેર ભુવા રાજ રસ્તા ધોવાયા ગટર લાઈનમાં હલકી ગુણવત્તા ના કામની પોલ વરસાદે ખોલી

પધરામણી કરી છે ત્યારે વરસતા વરસાદને કારણે વરસાદે બાયડ ગયા છે.

બાયડ નગરમાં ચોમાસા આ ગટર લાઈનનુ કામ ખાનગી કંપનીને સોંપવામાં આવ્યુ હતુ ત્યારે આ કંપની ધ્વારા ગટર લાઈનના કામમાં નિયમ મુજબ કામન કરેલ વેઠ ઉતારીને સમય મર્યાદામાં કામપુર્ણ કરવાની લાયમાં જેમ તેમ કામ કરીને ગટર લાઈનનું કામ પુર્ણ કરી છે. ત્યારે સામાન્ય વરસાદે ગટર લાઈનમાં થયેલા હલકી કક્ષાના કામની પોલ ખોલી નાખી છે. જેને લઈને બાયડની સહજાનંદ કોમ્પ્લેક્ષના સામે આવેલ પ્રીત હોટલ આગળ મસ મોટો ભુવો પડી ગયો હતો. તો બીજી બાજું બાયડ બસ સ્ટેશનની સામે આવેલ સારવ હોટલની બાજુ માં આજ રીતે ભુવો પડી જવાના કારણે ડસ્ટ નાખવા આવેલુ ટ્રેકટર આ ભુવામાં ફસાઈ ગયું હતુ જેને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યું હતું.

ગટર લાઈનનું કામકરતી કંપની ધ્વારા નિયમ મુજબ ગટર લાઈન કરવામાટે ખોદવામાં આવેલ ખાડો કામપુર્ણ થયા પછી ખાડો પુરી વ્યવસ્થિત રીતે આ જગ્યાએ પંચીંગ કરવાનું હોઈ છે. ત્યારે આ કંપની ધ્વારા કામમાં વેઠ ઉતારી ઉતાવળે કામ કરી નાખતા હાલ બાયડ નગરમાં ઠેર-ઠેર જે જગ્યાએ ગટરલાઈન નાખવામાં આવેલી છે. તે જગ્યાએ ભુવા પડવાના બનાવો બન્યાછે. જેને લઈને બાયડના નગર જનોમાં આ કોન્ટ્રાકટર સામે રોષ ફાટી નીકળ્યો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બનાસકાંઠામાં અષાઢી મેહૂલીયો : હર્ષ છવાયો

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં લાંબા સમય બાદ વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતા સમગ્ર જિલ્લાભરમાં સર્વત્ર વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં મેઘમહેર થતા ખેતીના પાકને પણ જીવનદાન મળ્યું છે. સાથે સાથે કાળઝાળ ગરમીથી તોબા પોકારી ગયેલ અબોલ પશુપક્ષીઓ અને પ્રજાજનોને રાહત મળી છે, જ્યારે મોટા ભાગના વિસ્તારમાં પાણી ભરાઈ જતા જનજીવનને પણ અસર થવા પામી છે.

મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા છેલ્લા ત્રણ દિવસથી હેલી જામી છે. વરસાદને પગલે પાલનપુર શહેર સહિત અનેક તાલુકામાં ઠેર ઠેર પાણી ભરાતા નગરપાલિકાના પ્રિમોન્સુન પ્લાનના ધજીયા ઉડી ગયા છે. તો બીજી બાજુ કાદવ-કિચડ, ઝાડ તુટી પડવા, ગટરો ઉભરાવી અને વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિક જનજીવન પર બારે અસર જોવા મળી છે.

છેલ્લા ૪૮ કલાકથી વરસતા વરસાદથી ખેડૂતોના ચહેરા પર ખુશી લાવી દીધી છે. જિલ્લાભરમાં સર્વત્ર વરસાદે ખેતરોમાં ઉભા પાકને નવુ જીવન આપ્યુ છે.

આમ બનાસકાંઠામાં છેલ્લા ૪૮ કલાકમાં અમીરગઢમાં ૪૦૫ મી.મી., ભાભરમાં-૩૩૩ મી.મી., દાંતામાં ૪૧૧ મી.મી., દાંતીવાડામાં ૨૬૧ મી.મી., ધાનેરામાં ૪૭૦ મી.મી. દિયોદરમાં ૩૩૮ મી.મી., ડીસામાં ૩૦૧ મી.મી., કાંકરેજમાં ૩૦૭ મી.મી., પાલનપુરમાં ૨૯૨ મી.મી., થરાદામાં ૨૯૯ મી.મી., લાખણી ૨૪૭ મી.મી., સૂઈગામમાં ૩૮૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.